CITY પલ્સ
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૭ માર્ચ, ૨૦૨૬



# ન્યુ સિટીલાઈટ, ન્યુ ભટાર, 2nd VIP રોડ...

## જુના-જાણીતા નામો જાળવી રાખી ઊભી કરાતી નવા વિસ્તારની ઓળખ

દેશના મહાનગરોમાં વિસ્તરતી જતી નવી વસાહતો અને માર્ગોને ઓળખવા જાણીતા થયેલા જુના વિસ્તારો અને માર્ગોના નામો જાળવીને તેમાં માત્ર 'ન્યુ' કે 'નવા' જેવા શબ્દો ઉમેરીને તેની અલગ ઓળખ ઊભી થતી હોય છે. આ પ્રથા હવે સુરતમાં પણ વધુને વધુ પ્રચલિત થતી જાય છે. જેમાં અમદાવાદમાં ન્યુ સેટેલાઈટ, નવા વડાજ, સાઉથ બોપલ જેવા નામો તેને અડીને આવેલા જુના વિસ્તારના નામો પરથી જ ઉપાડી લેવામાં આવ્યા છે તેમ હવે સુરતના પણ નવા વિકસતા એરિયાનોના જાણીતા એરિયા કે માર્ગના નામ પરથી પ્રચલિત થવા લાગ્યા છે. જીભે ચડેલા નામોને જ નવુ સ્વરૂપ આપી નામ રાખતા લોકોને પણ યાદ રાખવામાં સુગમત રહે છે અને જુના-જાણીતા વિસ્તાર કે માર્ગની પ્રચલિતતા, પ્રતિષ્ઠા અને મૂલ્યનો લાભ નવા વિસ્તારને પણ પહોંચે છે એવી પણ માન્યતા છે. સુરતમાં વર્ષો પહેલા ડુમસ રોડ પર ગૌરવપથ બનાવવામાં આવ્યો હતો. આ ગૌરવપથ આજે પણ એટલો જ જાણીતો છે. જોકે, ત્યારબાદ જ્યારે પાલમાં નવો રસ્તો બનાવવાનો થયો ત્યારે મહાપાલિકાથી માંડીને લોકો દ્વારા તેનો પાલ-ગૌરવપથ તરીકે ઓળખવાનું શરૂ કરાયું છે. તો આવો, જાણીએ સુરતમાં કયા-કયા વિસ્તારો અને રસ્તાઓના આ રીતે નવા વર્ઝન બન્યા છે.....



### જહાંગીરપુરા, ડી-માર્ટથી આગળનો રસ્તો ન્યુ દાંડી રોડથી ઓળખે છે

પહેલા રાંદેર, મોરાભાગળથી દાંડી ગામ સુધી જતાં રસ્તાને દાંડી રોડ તરીકે ઓળખવામાં આવતો હતો. જોકે, તે સમયે કાચો રસ્તો હતો. હાલમાં રસ્તો નવો બની ગયો છે અને તેમાં પણ જહાંગીરપુરા, ડી માર્ટથી આગળનો રસ્તો પહોળો અને ચાર લેન થઈ જતાં લોકો તેને ન્યુ દાંડી રોડથી ઓળખી રહ્યા છે.

### સુરતમાં એક વીઆઈપી બાદ સેકન્ડ વીઆઈપી રોડ બન્યો

છેલ્લા કેટલાક સમયથી વિવિધ શહેરોમાં એકાદ રસ્તાને વીઆઈપી રોડ તરીકે નામ આપવામાં આવે છે. જોકે, સુરતમાં મોટી-મોટી ઈમારતોને કારણે વીઆઈપી રોડ નામ આપવામાં આવ્યું હતું પરંતુ ત્યારબાદ વીઆઈપી રોડ સાથે જોડાયેલો જ રોડ અગ્રવાલ વિદ્યા વિહાર સ્કૂલથી આગળ સુધી પુરો કરવામાં આવતાં આ રોડને હવે સેકન્ડ વીઆઈપી રોડ તરીકે નામ આપવામાં આવ્યું છે. અન્ય શહેરોમાં એક જ વીઆઈપી રોડ હોય છે પરંતુ સુરતમાં બે-બે વીઆઈપી રોડ છે. તે ગૌરવની વાત સમાન છે.





### અલથાણથી પાંડેસરા તરફ જતો રસ્તો હવે ન્યુ બમરોલી રોડથી ઓળખાય છે

આમ તો ઉધના-મગદલ્લા રોડ, સોશિયો સર્કલથી પાંડેસરા તરફ જતાં રસ્તાને બમરોલી રોડ તરીકે ઓળખવામાં આવે છે પરંતુ હવે આખી બ્રિજ બની ગયા બાદ અલથાણથી પાંડેસરા તરફ જતાં રસ્તાને ન્યુ બમરોલી રોડ નામ આપવામાં આવ્યું છે.

### સિટીલાઈટ સોસાયટીથી શરૂ થયો જૂનો સિટીલાઈટ રોડ અને હવે ન્યૂ સિટીલાઈટ રોડ

સુરતમાં પાર્લે પોઈન્ટ ખાતે સિટીલાઈટ રોડ છે. સિટીલાઈટ રોડનું એટલા માટે આ નામ પડ્યું કે, આ રોડની શરૂઆતમાં જ સિટીલાઈટ સોસાયટી છે. સિટીલાઈટ રોડ પાર્લે પોઈન્ટથી શરૂ કરીને છેક અણુવ્રત દ્વાર સુધીનો ઓળખાય છે. શરૂઆતમાં આ જ રોડ હતો પરંતુ ત્યારબાદ અણુવ્રતદ્વારથી શરૂ કરીને છેક વીઆઈપી રોડ, શ્યામ મંદિર સુધીનો નવો રોડ બનતાં આ નવા રોડને હવે ન્યુ સિટીલાઈટ રોડ તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. જેવી રીતે સિટીલાઈટ રોડ જાણીતો બન્યો, તેવી જ રીતે હવે ન્યુ સિટીલાઈટ રોડ પણ જાણીતો થઈ રહ્યો છે.





### પહેલા કોસાડ રોડ હતો, હવે ન્યુ કોસાડ રોડ પણ બની ગયો

અમરોલીથી કોસાડ તરફ જતાં રસ્તાને કોસાડ રોડ તરીકે ઓળખવામાં આવતો હતો. જોકે, હવે છાપરાભાઠાથી કોસાડ સુધી જતો નવો રસ્તો બની જતાં અને તેનો વપરાશ વધી જતાં લોકો દ્વારા તેને ન્યુ કોસાડ રોડ નામ આપવામાં આવ્યું છે.

### ભટાર રોડ, ભટાર ચાર રસ્તા બાદ હવે ન્યુ ભટાર રોડ

એક સમય હતો કે જ્યારે ભટાર સુરતના છેવાડાનું ગામ તરીકે ઓળખતું હતું. સુરત વિસ્તરતું ગયું અને બાદમાં ભટાર રોડ બન્યો, ત્યારબાદ ભટાર ચાર રસ્તા તરીકે વિસ્તાર ઓળખાતો થયો પરંતુ હવે ભટાર ચાર રસ્તાથી અલથાણ ગામ સુધીનો જે નવો રસ્તો છે તેને લોકો ન્યુ ભટાર રોડથી ઓળખે છે.




---

# ઈરાન યુદ્ધે બદલ્યા સુરતીઓના વેકેશનમાં ફરવાના પ્લાન

મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિના લીધે સુરતની ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને ફટકો પડ્યો છે. દુબઈ કે યુરોપ તરફ ફરવા જતા ટુરિસ્ટે પોતાના પ્લાન બદલવા પડ્યા છે. ઘણા લોકોએ ઈન્ટરનેશનલ ટ્રીપ જ કેન્સલ કરી છે તો કેટલાંક મિડલ ઈસ્ટના બદલે સિંગાપોર, હોંગકોંગની ટુરનું પ્લાનિંગ કર્યું છે. ટુર ઓપરેટરોના મતે મિડલ ઈસ્ટ વોરની સ્થિતિને લીધે સુરતી ટુરીસ્ટ જોખમ લેવા માંગતા નથી. અનેક સુરતીઓએ ડેસ્ટિનેશન બદલ્યા છે તો કેટલાંકે વિદેશ જવાનો પ્લાન જ માંડી વાળ્યો છે. નિરાંતે દ્વારકા, સોમનાથની ટુરમાં જલસા કરશે....



### યુરોપના ટુર પેકેજમાં પણ અંદાજે 15 ટકાનો ઘટાડો

ટુર ઓપરેટર હિરેનભાઈએ કહ્યું કે, આરબ અમીરાત સહિત મિડલ ઈસ્ટની અનેક એરલાઈન્સના ઓપરેશન્સ બંધ છે. તેથી મોટો ફટકો પડ્યો છે. મોટા ભાગના ટુરિસ્ટે ડેસ્ટિનેશનલ ચેન્જ કર્યા છે. ગલ્ફના પ્લાન કેન્સલ કર્યા છે. યુરોપના પણ 10થી 15 ટકા ટુર કેન્સલ થયા છે. તેના બદલે ક્લાયન્ટ્સને જાપાન, ચાઈના, હોંગકોંગ, સિંગાપોરના પેકેજ બુક કરી આપ્યા છે. આ વેકેશનમાં સિંગાપોર, મલેશિયા, બાલી તરફ વધારે ક્રાઉડ જોવા મળશે.

### ડોમેસ્ટીક ટુરમાં પણ ઈન્ક્વાયરી બમણી થઈ

ટુર ઓપરેટર શિરીષ પટેલ એ કહ્યું કે, આ વર્ષે વેકેશનમાં ડોમેસ્ટીક ટુર પેકેજની ઈન્ક્વાયરી વધી છે. ચારધામ, કેરળ, કાશ્મીરના બુકિંગ વધ્યા છે. વળી, ગુજરાતના પ્રવાસન સ્થળોની ઈન્ક્વાયરી સૌથી વધુ છે. દ્વારકા, સોમનાથના બુકિંગ વધ્યા છે. યુદ્ધની સ્થિતિમાં ફલાઈટ્સ રદ થતી હોય લોકોમાં ડર છે. તેથી લોકો વધુ દૂર પ્રવાસ કરવા જવા માંગતા નથી.



### આ ડેસ્ટિનેશન બન્યા પસંદ

વિયેતનામ, બાલી, મલેશિયા, ચાઈના, જાપાન, સિંગાપોર, હોંગકોંગ

### દુબઈના બદલે બાલી જઈ રહ્યા છે

સિનિયર સિટીઝન શૈલેષભાઈ ટંડેલ કહે છે, મિડલ ઈસ્ટમાં યુદ્ધના લીધે ટુરનો પ્લાન ચેન્જ કર્યો છે. પહેલાં કપલ ટુરમાં દુબઈ જવાની ઈચ્છા હતી. પરંતુ છેલ્લાં થોડા સમયથી ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની જે સ્થિતિ સર્જાઈ છે તે જોતાં મિડલ ઈસ્ટ અને યુરોપ તરફ જઈ શકાય તેમ નથી. ટુર ઓપરેટરે બાલીનો વિકલ્પ સૂચવ્યો. તેથી આવતા મહિને એપ્રિલમાં હવે અમે બાલી ફરવા જઈ રહ્યાં છે.

### યુરોપની ટુર કેન્સલ કરી



ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર પ્રતિક પટેલે કહ્યું કે, મારે મે મહિનામાં સેન્ટ્રલ યુરોપની ફેમિલી ટુરનું પ્લાનિંગ હતું. એતિહાદની ફ્લાઈટ હતી, પરંતુ મિડલ ઈસ્ટ વોરના લીધે ઉભી થયેલી અનિશ્ચિતતાઓને લીધે પ્લાન ચેન્જ કર્યો છે. મજા કરવા માટે ફરવા જતા હોય ત્યાં ટેન્શન લેવું પોષાય નહીં. તેથી ટુર ઓપરેટર સાથે વાત કરીને હવે મે મહિનામાં સિંગાપોર, મલેશિયા અને ક્રુઝની ફેમિલી ટુર પ્લાન કરી છે.

### યુરોપ-મિડલ ઈસ્ટના બદલે લોકો સિંગાપોર જવાનું પસંદ કરી રહ્યાં છે

આ વર્ષે વેકેશનમાં દુબઈ, યુરોપની ઈન્ક્વાયરી નહીંવત છે. તેના બદલે વિયેતનામ, જાપાન, હોંગકોંગ, સિંગાપોર, મલેશિયા, બાલીની ઈન્ક્વાયરી વધી છે. ચાઈનામાં પણ ઠીકઠાક પૂછપરછ છે. ટુર ઓપરેટર્સ કહે છે કે, મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ હોવાના લીધે અનેક એરલાઈન્સના ઓપરેશન્સ બંધ છે. તેના લીધે યુરોપ પણ જઈ શકાતું નથી. વળી, લોકોમાં ડર છે કે ગમે ત્યારે યુદ્ધ ભીષણ બને તો તેઓ ફસાઈ જશે. તેથી બાલી, વિયેતનામ, મલેશિયા, સિંગાપોર જેવા શાંત દેશોમાં ફરવાના પ્લાન લોકો કરી રહ્યાં છે.